## (1) 'વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ડે' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેની ઉજવણી 3 મે એ કરવામાં આવે છે.
(2) વિંડહોક ઘોષણાની યાદી સ્વરૂપે આ દિવસ ઉજવવામાં આવે છે.
(3) આ વર્ષની આ દિવસની થીમ : 'જર્નાલીઝમ વિધાઉટ ફીઅર ઓર ફેવર' છે.
(4) 'જાતિય સમાનતા' એ આ દિવસની એક પેટા થીમ છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ દર વર્ષે 3 મે એ 'વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ડે' ઉજવવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આફ્રિકાના કેટલાક સમાચાર પત્રો દ્વારા 3 મે, 1991ના રોજ 'પ્રેસ ફ્રીડમ' માટે એક ઘોષણા કરવામાં આવી હતી જેને 'વિંડહોક' ઘોષણા તરીકે ઓળખવામાં આવે છે.

⇛ યુનેસ્કો દ્વારા સંયુક્ત રાષ્ટ્રને આ ઘોષણા જાહેર થયાનાં દિવસને 'વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ડે' તરીકે ઉજવવાની ભલામણ કરવામાં આવી હતી. આ વાતને સંયુક્ત રાષ્ટ્રો દ્વારા 1993માં મંજૂર કરવામાં આવી હતી. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ વર્ષ 2020ની આ દિવસની થીમ : 'જર્નાલીઝમ વિધાઉટ ફીઅર ઓર ફેવર છે.' (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ દિવસની અન્ય 3 પેટા–થીમ પણ આ વર્ષે રાખવામાં આવી છે :
(1) મિડિયા કાર્યકર્તાઓ તથા જર્નાલીસ્ટની સલામતી
(2) મિડિયાના દરેક ક્ષેત્રમાં 'જાતીય સમાનતા'
(3) રાજનીતિ તથા વ્યાપારી પ્રભાવથી મુક્ત, આઝાદ અને પ્રોફેશનલ જર્નાલીઝમ.
(આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'નેશનલ મિશન ફોર ક્લીન ગંગા' (NMCG) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે રાષ્ટ્રીય ગંગા કાઉન્સિલની અમલીકરણ માટેની સંસ્થા છે.

(2) તેની સ્થાપના 2015માં કરવામાં આવી હતી.

(3) તે જલ શક્તિ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.

(4) તેના મેનેજમેન્ટનું બંધારણ દ્વિ–સ્તરીય છે.

(A) માત્ર (1), (2) અને (3)

(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (3) અને (4)

(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ 'નેશનલ મિશન ફોર ક્લીન ગંગા' એ રાષ્ટ્રીય ગંગા કાઉન્સિલની અમલીકરણ શાખા/સંસ્થા છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેની સ્થાપના વર્ષ 2011માં એક રજિસ્ટર્ડ સોસાયટી તરીકે કરવામાં આવી હતી. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ તે જલ શક્તિ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તેના મેનેજમેન્ટમાં બે સ્તર આવેલાં છે. (1) ગવર્નીંગ કાઉન્સિલ અને (2) એક્ઝીક્યુટીવ કમિટી. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તેનો હેતું ગંગા નદીના પ્રદૂષણને નિયંત્રિત કરવાનો તથા નદીને પુનઃજીવીત કરવાનો છે. આ માટે તેને 'રિવર બેસીન' એપ્રોચ અપનાવવાનો હોય છે.

⇛ આ સાથે તેનો અન્ય હેતુ નદીમાં યોગ્ય માત્રામાં પાણીનો પ્રવાહ જાળવવાનો, પાણીની ગુણવત્તા જાળવવાનો તથા પર્યાવરણીય ટકાઉ વિકાસ કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (3) 'BoBBLE' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરું નામ 'બે ઓફ બેંગાલ બાઉન્ડ્રી લેયર એક્સપેરીમેન્ટ' છે.
(2) તે ભારત અને યુ.એસ.નો સંયુક્ત કાર્યક્રમ છે.
(3) તેનું ફંડીંગ ભારતમાંથી નાણાં મંત્રાલય દ્વારા કરવામાં આવે છે.
(4) તે ચોમાસાની પ્રણાલી પર દરિયાઈ પ્રક્રિયાઓની શું અસર થાય છે તે જાણવાનું કાર્ય કરે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (1) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ **BoBBLE**નું પૂરું નામ 'બે ઓફ બેંગાલ બાઉન્ડ્રી લેયર એક્સપેરીમેન્ટ' છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તે ભારત અને યુ. કે.નો સંયુક્ત કાર્યક્રમ છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ બંગાળની ખાડીની સમુદ્રી પ્રક્રિયાઓની ચોમાસાની પ્રણાલી પર શું અસર થાય છે તેનો અભ્યાસ કરવાનું કાર્ય તે કરે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ ભારતમાંથી તેનું ફંડીંગ પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય દ્વારા અને યુ. કે. માંથી તેનું ફંડીંગ 'નેચરલ એન્વાયરમેન્ટ રિસર્ચ કાઉન્સિલ' દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ તાજેતરમાં આ કાર્યક્રમ હેઠળ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, બેંગાલુરુ અને યુ.કે.ની યુનિવર્સિટી ઓફ ઈસ્ટ એંજિલા દ્વારા એક બ્લૂપ્રિન્ટ તૈયાર કરવામાં આવી છે.

⇛ આ બ્લૂપ્રિન્ટ થકી ચોમાસાની ચોક્કસ આગાહી તથા અન્ય ઉષ્ણકટિબંધીય ચક્રવાતની આગાહી થઈ શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (4) 'નોન અલાઈન્ડ મુવમેન્ટ' (NAM) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તાજેતરમાં COVID-19 વિષય હેતુ NAMની એક વિડિયો 'કોન્ફરન્સ યોજાનાર છે.

(2) આ કોન્ફરન્સનું ટાઈટલ 'વી સ્ટેન્ડ ટુગેધર અગેઈન્સ્ટ COVID-19' છે.

(3) વર્ષ 2019-2022 માટે NAMની અધ્યક્ષતા દક્ષિણ આફ્રિકાની છે.

(4) તેની સ્થાપના વર્ષ 1961માં બેલગ્રેડ કોન્ફરન્સમાં કરવામાં આવી હતી.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (1), (2) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ COVID-19ની મહામારી માટે NAMની એક વિડિયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ભાગ લેવાના છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ વર્ષ 2019-2022 માટે NAMની અધ્યક્ષતા અઝરબૈજાનની છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ કોન્ફરન્સનું એક ટાઈટલ પણ રાખવામાં આવ્યું છે જે 'વી સ્ટેન્ડ ટુગેધર અગેઈન્સ્ટ COVID-19' છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ 1950ના દશકમાં NAMનો વિચાર ઉદ્દભવી રહ્યો હતો.

⇛ વર્ષ 1955 બાંડુંગ પરિષદ યોજાય હતી જે NAMની સ્થાપના માટે મુખ્ય હતી પરંતુ NAMની સ્થાપના ખરેખર રીતે વર્ષ 1961માં બેલગ્રેડ કોન્ફરન્સમાં થઈ હતી. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) 'eCOVSens' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે કોરોનાના પરીક્ષણ માટેનું એક બાયોસેન્સર છે.

(2) તે માત્ર 30 સેકન્ડમાં પરિણામ દર્શાવે છે.

(3) તેનું નિર્માણ 'NIAB' નામની સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે.

(4) તેમાં સિલ્વર ઈલેક્ટ્રોડનો ઉપયોગ થાય છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (2)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એનિમલ બાયોટેક્નોલોજી (NIAB), હૈદરાબાદના સંશોધકો દ્વારા એક બાયોસેન્સર તૈયાર કરવામાં આવ્યું છે, જેનું નામ 'eCOVSens' છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ બાયોસેન્સર સલાઈવા (લાળ)ના સેમ્પલ થકી નવા કોરોના વાયરસને ઓળખી શકે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ ઉપકરણ માત્ર 30 સેકન્ડમાં પરિણામ દર્શાવી શકે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ ઉપકરણમાં એક કાર્બન ઈલેક્ટ્રોડનો તથા કોરોના વાયરસ એન્ટિબોડીનો ઉપયોગ કરવામાં આવે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ એન્ટિબોડી વાયરસ સાથે જોડાય શકે છે અને પરિણામે એક વિજ સિગ્નલ ઉદ્દભવે છે અને પરિણામ જાણી શકાય છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT